રજૂ તારીખ : ૦૧/૦૧/૨૦૨૧

દાખલ તારીખ : ૦૧/૦૧/૨૦૨૧

નિકાલ તારીખ : ૨૯/૦૭/૨૦૨૪

સમયગાળો : વર્ષ માસ દિવસ

૦૩ ૦૬ ૨૮

**ભાવનગરની શ્રમ અદાલત (નં.૧) ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, મુ.ભાવનગર**

આઈ.ડી. પરચુરણ અરજી નં.૧/૨૦૨૧

(ઈન રેફરન્સ(એલ.સી.બી.) કેસ નંબર – ૨૨/૨૦૧૫ )

આંક:

મંત્રીશ્રી ભાવનગર કેળવણી મંડળ

ċ/૦ આલ્ફ્રેડ હાઈસ્કુલ, હાઈકોર્ટ રોડ,

ભાવનગર ...અરજદાર

વિરૂધ્ધ

(૧) ઘોઘુભા દેવુભા ઝાલા

ċ/૦ મંજુલાબેન ચંપકલાલ ગાંધીના મકાનમા

ખોડીયારવાળો ખાંચો, ભાવનગર

(૨) પ્રિ.ગુલાબરાય એચ.સંઘવી

શિક્ષણ મહાવિદ્યાલય

વિદ્યાનગર,ભાવનગર

(૩) આચાર્યશ્રી, શેઠ એચ.જે.લો કોલેજ

સરદારનગર, ભાવનગર

(૪) આચાર્યશ્રી,

વળીયા આર્ટસ એન્ડ મેહતા કોમર્સ કોલેજ

વિદ્યાનગર,ભાવનગર ...સામાવાળા

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ.વ.શ્રી કે.એમ.ગાંધી |
| સામાવાળા નં.૧ તરફે | : યુનીયન પ્રતિનીધી શ્રી કે.એન.સિંઘ |
| સામવાળા નં. ૨ થી ૪ તરફે | : --- |

## હુ ક મ

(૧) અરજદારે આ અરજી ઔધોગીક તકરાર (ગુજરાત) નિયમો, ૧૯૬૬ ના નિયમ ૨૬(એ) ની જોગવાઈ હેઠળ દાખલ કરવાની અરજી રજુ કરવામાં થયેલ વિલંબ માફ કરવા ગુજારેલ છે.

(૨) અરજીની નોટીસ સામાવાળાને બજવણી થયેલ છે, સામાવાળા નં.૧ તેમના યુનીયન પ્રતિનીધી મારફતે ઉપસ્થિત થયેલ છે અને આંક ૮ થી જવાબ રજુ કરેલ છે. સામાવાળા નં. ૨ નાએ આંક ૯ થી જવાબ રજુ કરેલ છે, સામાવાળા નં.૩ નાએ આંક ૧૦ થી જવાબ રજુ કરેલ છે અને સામાવાળા નં.૪ નાએ ૧૧ થી જવાબ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફેના વિ.વકીલ શ્રીએ અરજી મુજબની દલીલ કરી અંદાજીત એકાદ માસનો વિલંબ થયેલ હોઈ તે માફ કરવા વિનંતી કરેલ છે. સામાવાળા તરફે યુનીયન પ્રતિનીધીશ્રી એ આંક ૮ થી રજુ કરવામાં આવેલ જવાબ મુજબની દલીલ હોવાનુ જણાવી, અરજદારે દરેક દિવસના વિલંબનુ કારણ દર્શાવેલ ન હોઈ અરજીમાં જણાવેલ કારણ સંતોષકારક ગણાય નહીં જેથી આ અરજી રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાંભળી. ગુણદોષ પરની ચર્ચા કરવામાં આવે તો સદરહુ અરજી અરજદાર કે જે મુળ રેફરન્સ (એલ.સી.બી.)કેસ નં. ૨૨/૨૦૧૫ ના કામે પ્રથમ પક્ષકાર નં.૧ એટલે કે સામાવાળા નં.૧ દરજ્જે છે, તેઓએ મુળ રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં. ૨૨/૨૦૧૫ ના કામે તા.૨૭/૧૧ /૨૦૧૯ ના રોજ પસાર કરવામાં આવેલ એવોર્ડ એકતરફી હોઈ તે એવોર્ડ રદ ફરમાવી કેસ ફરી ચલાવવા હુકમ ફરમાવવા અરજી રજુ કરવામાં જે વિલંબ થયેલ

છે તે વિલંબ માફ કરવા માટે આ અરજી રજુ કરેલ છે. જેથી આ તબકકે ઔદ્યોગીક તકરાર (ગુજરાત) નિયમો, ૧૯૬૬ ના નિયમ ૨૬(એ) ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે એકતરફી હુકમ પસાર કરવામાં આવેલ હોય તેવી જાણકારી થયેથી દિવસ–૩૦ માં એકતરફી હુકમ રદ ફરમાવવા સંબંધીત પક્ષકાર અરજી કરી શકે છે. સાથે સાથે એવી પણ જોગવાઈ કરવામાં આવેલ છે કે જો સંતોષકારક કારણ દર્શાવવામાં આવેલ હોય તો ઉપરોકત ૩૦ દિવસનો સમયગાળો વધારવાનો હુકમ સંબંધીત શ્રમ અદાલત, બોર્ડ, ટ્રીબ્યુનલ ફરમાવી શકે છે.

(૫) ઉપરોકત જોગવાઈ લક્ષ્ય ઉપર રાખી હાથ પરના કિસ્સાની ચર્ચા કરવામાં આવે તો, મુળ રેફરન્સ કેસના કામે તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ એવોર્ડ પસાર કરવામાં આવેલ છે અને તે એવોર્ડ એકતરફી હોવાનુ દર્શાવી, એવોર્ડ રદ ફરમાવવા માટેની અરજી અરજદારે તા.૧/૧/૨૦૨૧ ના રોજ આ અરજી સાથે રજુ કરેલ છે. આંક ૧ ની અરજીમાં વિલંબ સબબ અરજદારે એવું કારણ દર્શાવેલ છે કે સદર એવોર્ડ સબબનુ જાહેરનામુ તા. ૧૨/૨/૨૦૨૦ ના રોજ બહાર પડેલ છે. તા. ૨૩/૩/૨૦૨૦ થી લોક ડાઉન હોઈ સદરહુ ચુકાદાની અરજદારને જાણકારી હતી નહીં, એવોર્ડની જાણકારી તા. ૯/૬/૨૦૨૦ બાદ અરજદારને થયેલી છે. કોરોનાની મહામારીના કારણે શાળા, કોલેજો, શૈક્ષણીક સંસ્થાઓ બંધ હતી, ટ્રસ્ટીઓ પૈકી એક ટ્રસ્ટી કોરોનામાં તા.૧/૯/૨૦૨૦ ના રોજ અવશાન પામેલ છે, કોરોનાને કારણે ટ્રસ્ટીઓની મીટીંગ થઈ શકેલ ન હતી, ૯૦ ટકા ટ્રસ્ટીઓ સીનીયર સીટીઝન હોઈ ગાઈડલાઈન મુજબ બહાર નીકળી શકતા ન હતી જેથી થયેલ વિલંબ માફ કરવા વિનંતી કરેલ છે.

(૬) અરજીમાં કરવામાં આવેલ કથન અનુસાર મદદનીશ શ્રમ આયુકતની કચેરી, ભાવનગર દ્વારા એવોર્ડની પ્રસિધ્ધી તા.૧૨/૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે. નિયમ ૨૬(એ) ની અરજી સાથે એવોર્ડની નકલ સામેલ રાખવામાં આવેલ છે, જે નકલ સાથે મદદનીશ શ્રમ આયુકતની કચેરી, ભાવનગરનો

પ્રસિધ્ધી અર્થે નો ફોરવર્ડીંગ પત્ર પણ સામેલ છે તે વંચાણે લેવામાં આવે તો તે તા.૧૨/૨/૨૦૨૦ નો છે અને તે રીતે સંસ્થાને ત્યારથી એવોર્ડની જાણકારી હોવાનુ માનવાને કારણ રહે છે, જેથી સંસ્થાએ તા.૧૪/૩/૨૦૨૦ સુધી નીયમ ૨૬(એ) અંતર્ગતની અરજી રજુ કરી દેવી જોઈએ, પરંતુ અરજદારોએ તેવી અરજી તા.૧/૧/૨૦૨૧ ના રોજ રજુ કરેલ છે. સાથે સાથે એ પણ હકીકત છે કે સમગ્ર ભારત દેશમાં કોવીડ–૧૯ (કોરોના) ની ભયંકર મહામારીના કારણે તા.૨૧/૩/૨૦૨૦ થી લોકડાઉનની જાહેરાત સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ અને તે પ્રથમ લોકડાઉન તા.૨૩/૧૧/૨૦૨૦ ના સમયગાળા સુધી ચાલુ રહેલ. જેથી આ લોકડાઉનનો સમયગાળો વિલંબના સમયગાળાની ગણતરીમાં ધ્યાને લઈ શકાય નહીં. આમ, તે રીતે અરજદારે નીયમ ૨૬(એ) અંતર્ગતની અરજી દાખલ કરવામાં ૪૩ દિવસનો માત્ર વિલંબ કરેલ હોવાનુ જણાઈ આવે છે. વળી, અરજદાર સંસ્થા શૈક્ષણીક સંસ્થા ચલાવતી સંસ્થા છે જેથી લોકડાઉન પુર્ણ થયાનુ જાહેર કરવામાં આવ્યા બાદ તે સમયની પરીસ્થિતી લક્ષ્ય પર લેવામાં આવે તો સંસ્થાએ અન્ય મહત્વના કાર્યોને અગ્રીમતા આપવાની રહે જેથી લોકડાઉન પુર્ણ થયે તરત જ સંસ્થા અરજી રજુ ન કરી શકે તે હકીકતને પણ નકારી શકાય નહીં. વળી, ઉપરોકત નોંધવામાં આવેલ છે તે વિલંબનો સમયગાળો લાંબો સમયગાળો નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર સામાન્ય રીતે અદાલતે વિલંબ માફ કરવાની અરજી નીર્ણીત કરતી સમયે હળવાશભર્યો અભિગમ અપનાવવાનો રહે છે અને ખાસ કરીને ટુંકા સમયગાળાનો વિલંબ હોય ત્યારે મુળ અરજી ગુણદોષ પર નિર્ણીત થાય તેવો અભિગમ અપનાવી વિલંબ માફ કરવાનો હુકમ ફરમાવવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે જેથી તેવા સંજોગોમા હાથ પરના કીસ્સામાં વિલંબ નો સમયગાળો લક્ષ્યમાં લેતાં થયેલ વિલંબ માફ કરવાનો હુકમ ફરમાવવો ન્યાયના હિતમા ઉચીત જણાય છે. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષ્ય પર લેતાં વિલંબ માફ કરવાની અરજી મંજુર કરવી

ન્યાયના હીતમાં ઉચીત જણાતુ હોઈ, પરીણામે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં.૨૨/૨૦૧૫ ના કામે તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ ફરમાવવામાં આવેલ એવોર્ડ રદ ફરમાવી સદરહુ રેફરન્સ કેસ ફરી ચલાવવા હુકમ ફરમાવવાની નીયમ ૨૬–એ અંતર્ગતની અરજી રજુ કરવામાં જે વિલંબ થયેલ છે તે વિલંબ માફ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કચેરીને આદેશ કરવામા આવે છે કે આ અરજી સાથે અરજદારે રેફરન્સ કેસ ફરી ચલાવવા હુકમ ફરમાવવા માટે અરજી રજુ કરેલ છે તે અરજી પરચુરણ અરજી રજીસ્ટરે લેવી અને સામાવાળાને સદરહુ અરજી સબબ નોટીસ ઈસ્યુ કરવી.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા.૨૯/૦૭/૨૦૨૪
ભાવનગર

(સુશિલ ભગવંતરાય ભટ્ટ)
ન્યાયાધીશ (એસ.ડી.),
શ્રમ અદાલત નં.૧, ભાવનગર.
UIC-GJ00857.